# બનાસકાંઠા જિલ્લામાં ફરી વરસાદનું આગમન



બનાસકાંઠા જિલ્લામાં મેઘરાજાએ કહેર મચાવ્યા બાદ વિરામ લીધો હતો અને તે બાદ આજે ફરીથી વરસાદનું આગમન થતા લોકો ખુશીની જગ્યાએ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

આમ તો વરસાદનું આગમન થાય તો લોકો અને ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળતો હોય છે પરંતુ અત્યારે બનાસકાંઠા જિલ્લામાં લોકો વરસાદના નામથી પણ થર થર કાપે છે. બનાસકાંઠા જિલ્લામાં વરસાદી મેઘાએ કહેર મચાવ્યો હતો અને લોકો પાયમાલ થઈ ગયા હતા તે બાદ વરસાદે વિરામ લેતા લોકો પોતાના ઘર અને દુકાનની સફાઈ કરી કામ ચાલુ કરવા માટે ની તૈયારીઓ અને ખેડૂતો પોતાના ખેતર સુધારવાના કામે લાગ્યા છે ત્યારે આજે ફરીવાર બનાસકાંઠા જિલ્લા માં ૭ દિવસ ના વિરામ બાદ વરસાદ નું આગમન થયું હતું અને ધોધમાર વરસાદ શરૂ થયો હતો સતત ત્રણ કલાક વરસેલા વરસાદે પાણી પાણી કરી નાખ્યું છે ત્યારે લોકો માં ભારે ભય નો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકો વરસાદી કહેર થી બચવા માટે ભગવાન પાસે પ્રાથના કરી રહ્યા છે



અંબાજી પંથકમાં છેલ્લા ૧૦ દિવસથી વરસાદનાં વિરામ બાદ ફરી એક વાર વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરી હતી ને છેલ્લા બે દિવસથી ગરમીનાં ભારે ઉકળાટ બાદ આજે બપોર બાદ ભારે વરસાદની શરૂઆત થઈ જતાં અંબાજી નજીકની નદીઓમાં પ્રવાહ વધ્યા હતા ને હાઈવે માર્ગ ઉપર પણ પાણી ભરાયા હતા. જ્યારે કોટેશ્વરના રસ્તે મારબલ ખાણમાંથી નિકળતી એક ટ્રક નદીમાં અધવચ્ચે બંધ પડી હતી ને પાણીનો એકાએક પ્રવાહ વધતાં અડધા ઉપરનો ટ્રક પાણીમાં ઘરકાવ થયો હતો. જ્યારે ટ્રકનો ચાલક પણ ફસાતા ટ્રકની કેબીન ઉપર ચઢી ગયો હતો. આ બનાવની જાણ અંબાજી પોલીસને થતાં પોલીસ ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. જ્યારે ટ્રકનાં ચાલકને માઈન્સનાં મજુરો, પોલીસ તથા સ્થાનીક પત્રકાર દ્વારા રસ્સો નાખી રેસક્યુ કરી તેનો જીવ બચાવાયો હતો. જોકે હજી આ નદીનાં પ્રવાહ વધતા આખ્ખો ટ્રક પાણીમાં ઘરકાવ થઈ જાય તેવી પરીસ્થીતી જોવા મળી હતી.

## ધાનેરાના થાવર ગામ પાસે સ્કોર્પિયો ગાડી ઝાડ સાથે ટકરાતા ૪ લોકો ઘાયલ

ધાનેરાના થાવર ગામ પાસે રાજસ્થાન તરફ થી ધાનેરા તરફ સામે આવી રહેલ ગાડીને સાઈડ આપવા જતાં આ ગાડી સ્પીડમાં હોસ્પીટલમાં લાવ્યા હતા. જ્યાં તેમની પ્રાથ્મીક સારવાર આપ્યા





આવી રહેલ સ્કોર્પિયો ગાડીના ચાલકે રસ્તામાં રેતીના લીધે સ્ટ્રેરીંગ પરનો કાબુ ગુમાવતા ગાડી ઝાડ સાથે ટકરાઈ હતી જેથી ચાર લોકોને ગંભીર ઈજાઓ થતાં તેમને વધુ સારવાર માટે પાલનપુર રીફર કરાયા હતા.

સોમવારના ૧૮-૩૦ કલાકના સુમારે રાજસ્થાન ના કરડા ગામના રાજપુત સમાજના યુવકો સ્કોર્પિયો ગાડી લઈને સુરત જાઈ રહ્યા હતા ત્યારે થાવર ગામ પાસે હોવાથી રસ્તા ઉપર રેતી આવી જતા ગાડીના ચાલકે સ્ટ્રેરીંગ પરનો કાબુ ગુમાવતા ગાડી ઝાડ સાથે ટકરાઈ હતી જેથી ગાડીમાં બેઠેલા બે યુવકોને ગંભીર ઈજાઓ તેમજ બે યુવકોને નોર્મલ ઈજાઓ થતાં ત્યાં પસાર થતા લોકોએ તાત્કાલીક ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ ના પાયલોટ હરેશભાઈ તેમજ ઈ.એમ.ટી ગૌરીચંન્દ્ર શ્રીમાળી ઘટના સ્થળે પહાંચ્યા હતા અને સારવાર માટે ધાનેરા સરકારી બાદ બેની હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે પાલનપુર ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

ઈજાગ્રસ્તના નામો : (૧) ગોવિદસિહ અનારસિહ રાજપુત ઉ.વર્ષ-૨૩ (૨) વિક્રમસિહ ગોપાલસિહ રાજપુત ઉ.વર્ષ-૧૮ તથા (૩) દલપતસિહ ભિખસિહ રાજપુત ઉ.વર્ષ-૪૦ (૪) ભગવતસિહ નટવરસિહ રાજપુત ઉ.વર્ષ-૩૧ તમામ રહે. કરડા તા.રાણીવાડા, રાજસ્થાન.

## પ્રાંતિજના અંબાવાડા ખાતે નજીવી બાબતે બોલાચાલી થતાં એકનું ઢીમ ઢાળી દેવાયું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકા ના અંબાવાડા ખાતે સામાન્ય બોલાચાલી બાદ મામલો બીચકાતા એકનું ઢીમ ઢાળી દેવામાં આવ્યાં આવ્યું હતું. પ્રાંતિજ ના અંબાવાડા ખાતે રહેતાં કાળુસિંહ પુથ્વીસિંહ નું બાઈક તેમણો ભાઈ લાલસિંહ પુથ્વીસિંહ રાઠોડ તેની સાંસરીમાં લઈને ગયો હતો ત્યારે મરણ જનાર કાળુસિંહ પુથ્વીસિંહ રાઠોડ મહેલ્લામાં વચ્ચે તેનાં ભાઈ ને ગાળો ભાડતો હતો તે સમયે



આરોપી નરેન્દ્રસિંહ તથા બાલુસિંહ બન્ને ભાઈઓએ કાળુસિંહ ને ગાળો ના બોલવાનું કહેતાં તે સમયે મામલો બિચકાયો હતો અને અને નરેન્દ્ર સિંહ ને પકડી લીધો હતો અને તે સમયે ગાંડા નું આડું કાઢી ને બાલુસિંહએ મરણ જનાર કાળુસિંહ ના માથામાં માર્યુ હતું ત્યારે લોહી લુહાણ હાલતમાં પ્રાંતિજ સિવિલ ખાતે લાવવામાં આવ્યાં હતાં તે સમયે હાજર તબીબી દ્વારા મુત જાહેર કરવામાં આવ્યો હતો જયારે લાલસિંહ પુથ્વીસિંહ રાઠોડ દ્વારા પ્રાંતિજ પોલિસ ને જાણ કરતાં પ્રાંતિજ પોલિસે નરેન્દ્રસિંહ રાઠોડ તથા બાલુસિંહ રાઠોડ બન્ને રહે .અંબાવાડા આરોપીઓ સામે ગુનો નોંધી આગળ ની તપાસ હાથ ધરી છે.

## પાલનપુરમાં કેશડોલ્સ બાબતે અસરગ્રસ્તોએ કર્યો હોબાળો

બનાસકાંઠાના પાલનપુર શહેરમા વરસાદી આફત બાદ કેશડોલ સહાય ન મળવાને મામલે લોકો રોષે ભરાયા છે. ત્યારે કલેકટર પાલનપુરના હરિપુરા, સોનબાગ ગોબરી રોડ સહિત ના અનેક વિસ્તારોના વરસાદી પીડિતો સરકારી સહાયથી વંચિત છે. તંત્ર ત્યારે મામલતદાર કચેરીએ ઉપસ્થિત સુરક્ષાકર્મીઓએ પીડિતોને અંદર ન જવા દેતા અસરગ્રસ્તોએ હોબાળો મચાવ્યો



અને મામલતદાર કચેરીમાં રોજ-બરોજ હોબાળા થઈ રહ્યા છે. જોકે ગેરીતિતીના આક્ષેપો અધિકારીઓ પર થઈ રહ્યા હોવા છતાં જિલ્લા કલેકટર નું આ મામલે સૂચક મોન લોકોમા આક્રોશની ભાવના પેદા કરી રહ્યું છે. દ્વારા સર્વે અને સહાય ન ચૂકવતા હોવાના આક્ષેપો સાથે ૫૦૦ થી વધુ આ વિસ્તારના રહીશોએ કલેકટરની ચેમ્બર મા ઘુસી જઈ રજુઆત કરી હતી. જોકે કલેકટરે હાથ અધ્ધર કરી અને પીડિતોને મામલતદાર પાસે મોકલ્યા હતા. હતો. દરમિયાન, અસરગ્રસ્તોએ બળજબરીથી કચેરીનો ગેટ ખોલી કચેરીમા ઘુસી જઈ તંત્ર ના અધિકારીઓના છાજીયા લીધા હતા. અને ત્યાર બાદ સહાય ન મળવાને મામલે ધરણા પર બેસી ગયા હતા.

## મોડાસા એજ્યુકેશન કોલેજમાં કેળવણીકાર ડૉ. સંતોષ દેવકરનું વ્યાખ્યાન યોજાયુ

મોડાસા, તા. ૮

મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલીત ગુજરાતની શિક્ષણક્ષેત્રે નામાંકીત સંસ્થા બી.ડી. શાહ એજ્યુકેશન કોલેજમાં વ્યાખ્યાનનો એક કાર્યક્રમ યોજાઈ ગયો.

'શિક્ષક ઘડતર' વિષય ઉપર કેળવણીકાર અને કટાર લેખક ડૉ. સંતોષ દેવકરે મનનીય પ્રવચન કર્યુ હતુ. શિક્ષક ભણાવી તો શકે પરંતુ ઘડતર કરી શકે તે સાચો શિક્ષક એમ જણાવ્યુ હતુ. વધુમાં ઉમેર્યુ હતુ કે દેશને ઉત્તમ નાગરિકો પુરા પાડવાની નૈતીક જવાબદારી શિક્ષકોની છે જે જીવંત ઉદાહરણો દ્વારા તેમની રસાળ શૈલીમાં સમજાવ્યુ હતુ. બી.એડ. કોલેજના આચાર્ય ડૉ. ગીરીશ રાવલે ડૉ. દેવકર લીખીત પુસ્તક 'શિક્ષક અને કેળવણી'ની સમીક્ષા કરી હતી અને શિક્ષક બનવા ઈચ્છતા સૌને આ પુસ્તક વાંચવાની અપીલ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. નવીને કર્યુ હતુ. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અંબાલાલ કે. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રા. ગોવિંદ રાવલે આભાર પ્રગટ કર્યો હતો. કેળવણી મંડળના પ્રમુખ નવીન મોદી તથા મંત્રી ડૉ. નવીન શેઠે શુભેચ્છાઓ પાઠવી હતી.



ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ હિંમતનગર એકમ દ્વારા બળેવ પર્વ નિમિત્તે ભોલેશ્વર મહાદેવ હિંમતનગર ખાતે વડીલ વંદના, ઈનામ વિતરણ અને સમૂહ ભોજનનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો. સમાજ દ્વાર ૭૦ વર્ષ થી વધુ વાય ના ૨૫ વડીલો ને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. સમાજ ના ૭૦ ઉપરાંત વિધાર્થી ને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. આજના પ્રસંગ નિમિત્ત યોગેશભાઈ ત્રિવેદી અને રમણભાઈ પાઠક તરફથી સમૂહ ભોજન આવામાં આવેલ. હિંમતનગર એકમના પ્રમુખ શ્રી જગદીશ પંડ્યા, મંત્રી શ્રી જયેશ પંડ્યા , અમરતભાઈ ઉપાધ્યાય, વિમલભાઈ તથા ઈન્દ્રવદનભાઈએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી.

## કાંકરેજ તાલુકામાં કેશડોલ્સનો કકળાટ

### ૨૦ કરોડ જેટલી રકમ અંદાજે ફાળવાઈ હોવાનું તંત્ર દ્વારા અંદાજ : ૧૧ કરોડ કેશડોલ્સ ચૂકવણુ, ૯ કરોડ ઘરવખરી

કાંકરેજ, તા. ૮

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકામાં બનાસનદિમાં પૂર આવતા સર્જાયેલ આફતમાં વરસાદથી અસરગ્રસ્ત લોકોને કેશડોલ્સ, ઘરવખરી અને કપડા સહાય ચૂકવવામાં આવી. જેના હિસાબો મળતા ન હોવાની બૂમરાડો ઉઠવા પામી છે. તાલુકા વિકાસ અધિકારી એ.એચ. પટેલ બિમાર પડતાં રજા ઉપર ઉતરી ગયા. લોકો કેશડોલ્સ માટે રાડો પાડી રહ્યા છે. તો ક્યાંક સરપંચો દ્વારા ગેરરીતી આચરાઈ હોવાની પણ બુમરાડો ઉઠવા પામી છે. લોકોને મળવા પાત્ર રકમનું ચૂકવણું શિક્ષકોએ જે પ્રમાણે કરવાનું હોય તે રીતે ન કરાતા સર્જાયો હોબાળો કેશડોલ્સ રૂલ્સ પ્રમાણે સરકારે જણાવ્યું પરંતુ શિક્ષક તલાટી, સરપંચ આ ત્રણેય વ્યક્તિઓ ભેગા મળી પોતાનો નવો નિયમ બનાવી રેશનકાર્ડ દિઠ ૨૦૦૦ થી ૨૫૦૦નું ચૂકવણુ તો ક્યાંક ૬૦૦+૪૫૦ લેખે તો ક્યાંક ૩૦૦ રૂપિયા વ્યક્તિ દિઠ આમ, ગરબડ ગોટાળાને લઈ કેશડોલ્સનો કકળાટ યથાવત રહેતા મસમોટુ કૌભાંડ આચરવામાં આવ્યું હોય તેવી ગંધ આવી રહી છે. વસ્તીના ધોરણે કે કુટુંબના ધોરણે કેશડોલ્સ ન ચૂકવાતાં અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. જોકે ટીડીઓ બીમારીનું બહાનુ કાઢી રજા ઉપર ઉતરી ગયા છે. અત્યારે પાલનપુરના ટીડીઓ સોલંકી પાસે કાંકરેજનો ચાર્જ છે. હવે લોકોને એ સમજાતુ નથી કે આવી જ હાલત જો કાંકરેજની હશે અને મુખ્ય જવાબદાર અધિકારી રજા ઉપર ઉતરી જાય. તંત્ર પાસે પાકો હિસાબ ન હોય તો કેવી કમનશીબી કાંકરેજની કહેવાય. ત્યારે યુદ્ધના ધોરણે બાકિ રહેલા લોકોને કેશડોલ્સ ચૂકવવામાં આવે અને ચૂકવણું કરેલ હિસાબો રજુ થાય તેવી લોક લાગણી સાથે માંગણી ઉઠવા પામી છે અને ગેરરીતીમાં જે બહાર આવે તેને ખુલ્લા પાડી સજા થાય લોકોના વેધક પ્રશ્નો શું કલેક્ટર બનાસકાંઠા કાંકરેજની પ્રજાને ન્યાય અપાવશે ખરા ?

## ધાનેરામાં સફાઈ કામદારોને ધાનેરાની બહેનોએ રાખડી બાંધી

### સફાઈ કામદારો પોતાની બહેન અને પરિવાર સુધી ન પહોંચી શકતા ધાનેરાની બહેનોએ પરિવાર અને બહેનોની ખોટ પુરી

ધાનેરામાં પુરની સફાઈ કરી રહેલ સફાઈ કામદાર ભાઈઓને ધાનેરાની બહેનો ધાનેરા ગંદકીમાં ગરકાવ થયું હતું અને જો ધાનેરાની તાત્કાલિક સફાઈ કરવામાં ન સફાઈ કામદારો ને રાખડી બાંધી તેમના લાંબા આયુષ્ય માટે ભગવાન પાસે પ્રાથના કરી હતી



દવરા રાખડી બાંધી સફાઈ કામદારો ભાઈઓની સુખ સલામતી માટે ભગવાન પાસે પ્રાથના કરી હતી.

ભાઈ બહેનનો પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધન અને આજે રક્ષાબંધન પર્વની ઉજવણી ધાનેરા સહિત સમગ્ર દેશમાં ધામધૂમ થઈ થઈ રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પુરે હેનારાત સર્જતાં સમગ્ર આવે તો ધાનેરા માં ભારે રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે ત્યારે સુરત અને વડોદરા ના સફાઈ કામદારો દવરા ધાનેરા માં સફાઈ હાથ ધરવામાં આવી છે આજે રક્ષાબંધન નું પર્વ છે છતાં પણ આ સફાઈ કામદારો સફાઈ કરી રહ્યા છે અને તેમની બહેનો સુધી પહોંચી શક્યા નથી ત્યારે ધાનેરા ની બહેનો દવરા આ તમામ સફાઈ કામદારો ધાનેરા ના લોકો ની ચિંતા કરી ધાનેરા માં રોગચાળો ન ફાટી નીકળે તે માટે દિવસ રાત મહેનત કરી રહ્યા છે અને આજે રક્ષાબંધન નું પર્વ હોવા છતાં પણ આ ભાઈઓ પોતાના પરિવાર અને પોતાની બહેનો સુધી નથી પહોંચી શક્યા ત્યારે ધાનેરા ની બહેનો દવરા ભાઈઓ ને રાખડી બાંધી પોતાના પરિવાર ની ખોટ પુરી કરી હતી

## વિશ્વ આદિજાતી દિવસની યોગ્ય ઉજવણી નહિ કરવાનો આક્ષેપ

### અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા ૯મી ઓગષ્ટે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણીનું આયોજન કરતાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી

અરવલ્લી, તા. ૮

અરવલ્લી જિલ્લો સંસ્કૃતિ અને પ્રકૃતિ પ્રેમના સત્વને વરેલો છે. ગત જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખ દ્વારા અરવલ્લી જિલ્લા ખાતે ૯મી ઓગષ્ટે વિશ્વ આદીવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવા ઠરાવ કરવામાં આવેલ જે અન્વયે જિલ્લાના આદીજાતિ વિસ્તારની પ્રાથમિક શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તૃત્વ સ્પર્ધા અને પ્રભાતફેરી કાઢવા વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આદીજાતિ વિસ્તારમાં ફ્રી નિદાન કેમ્પનું આયોજન તેમજ સ્વચ્છતા અભિયાન અન્વયે જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગળવાડીમાં તંદુરસ્ત બાળકોની હરીફાઈ, વક્તૃત્વ સ્પર્ધા તેમજ સ્વચ્છતા અંગે જાગૃતિ અભિયાન વિગેરે આયોજન કરવામાં આવેલ છે. આમ અરવલ્લી જિલ્લામાં આઝાદી પછી પ્રથમવાર જિલ્લા ખાતે વિશ્વ આદીવાસી દિવસની ઉજવણીનું આ રીતે ભવ્ય આયોજન થઈ રહેલ છે.

રાજ્યની કુલ વસ્તીના ૧૫ ટકા વસ્તી આદીજાતિની હોઈ અંબાજીથી ઉમંરગામ સુધીના પટ્ટામાં વિશ્વ આદીવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવા અમો ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના અધ્યક્ષના નાતે રાજ્ય સરકારના મુખ્યમંત્રી અને આદીજાતિ મંત્રીને રજુઆત કરવામા આવેલ જેમાં આદીવાસી સંસ્કૃતની ઉજાગર કરતાં મહોત્સવ ઉજવામાં આવે, રમત-ગમત સ્પર્ધા યોજવામાં આવે, આદીજાતિ વિસ્તારના વિકાસને લગતાં પ્રદર્શન યોજવામાં આવે, વિજ્ઞાન મેળા, પ્રાથમિક શાળામાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે, આદીજાતિ વિસ્તાર દ્વારા પર્યાવરણનું જતન કરવામાં આવે તે અંગે ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવામાં આવે. વન વિસ્તારની ઉપજો, જડીબુટ્ટી અને આયુર્વેદિક દવાઓમાં ઉપયોગમાં લેવાતી વનસ્પતિઓનું પ્રદર્શન યોજવામાં આવે. રાષ્ટ્રીય કક્ષાએ આદીજાતિ વિસ્તારના રમતવીરોનું સન્માન અને એવોર્ડ આપવામાં આવે, આદીજાતિ વિસ્તારના જે અધિકારી અને પદાધિકારીઓએ રાજ્યના વિકાસમાં યોગદાન આપેલ છે તેઓનું સન્માન કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવેલ છે. ઘણા લાંબા સમય અગાઉ કરવામાં અમારા સુચન હકારાત્મક અભિગમ મળેલ નથી જેથી રાજ્ય સરકારનું આદીજાતિ વિસ્તાર અને પ્રજા પ્રત્યે કેવો અભિગમ છે તે ફલીત થાયછે તેમ એક અખબારી યાદીમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી જણાવે છે.

## ધાનેરાની પ્રગતિનગર સોસાયટીમાં સહાય ન મળતા લોકોએ હંગામો મચાવ્યો

ધાનેરાની પ્રગતિ સોસાયટીના લોકોને સહાય ન મળતા લોકોએ હંગામો મચાવ્યો હતો.

ધાનેરામાં લોકો મોત સામે ઝઝુમી જિંદગી બચાવી ત્યારે હવે લોકો ના ઘર માં નથી તો બચ્યા વાસણો કે નથી બચ્યું ખાવાનું ત્યારે એક તરફ ગુજરાત સરકાર સહાય ની મોટી મોટી વાત કરી રહી છે તો બીજી તરફ લોકો સહાય માટે વલખા મારી રહ્યા છે ધાનેરા ની પ્રગતિનાગર સોસાયટી માં લોકો ને સહાય ન મળતા લોકોએ આજે હંગામો મચાવ્યો હતો લોકો ના ઘર માં પાણી ઘુસી ગયા છે તે લોકો ને સરકાર તરફ થી કેશ ડોલ સહાય આપવામાં આવી રહી છે પરંતુ જે બજાર માં દુકાન ધરાવતા વેપારીઓ ના દુકાન પાણી માં ગરકાવ થઈ ગઈ અને વેપારીઓ પાયમલ થઈ ગયા છે ત્યારે આવા વેપારીઓ ના પરિવાર જનોએ જણાવ્યું હતું કે અમને સહાય ન મળતા અમે તંત્ર પાસે રજુઆત કરવા ગયા હતા પરંતુ તંત્ર ના કેટલાક લોકો દવરા અમને ધક્કા મારી બહાર કાઢવા આવ્યા હતા ત્યારે હવે રાજકારણીઓ અમારી પાસે વોટ લેવા આવશે ત્યારે અમે પણ ધક્કા મારી બહાર કાઢશું ધાનેરા ના પ્રગતિ નગર સોસાયટી માં તંત્ર દવરા લોકો ને સહાય આપી બચાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે